# બોલો, ૪૨ લાખના પુસ્તકોની ચોરી

**સેક્ટર-૨૫ સ્થિત ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળના ગોડાઉનમાંથી ધોરણ-૧૨ અને ૧૨ના વિજ્ઞાન પ્રવાહના ૪૧,૬૦૯ પુસ્તકોની ચોરીની ફરિયાદ**






ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૫ સ્થિત પાઠ્ય પુસ્તક મંડળના ગોડાઉનમાંથી ધોરણ - ૧૧ અને ૧૨ સાયન્સના કુલ ૪૧,૬૦૯ પુસ્તકોની ચોરી ગત તા. ૯-૧૧-૧૯ ના રોજ રાત્રીના સમયે થવા પામી છે. ત્યારે ગુજરાત રાજય પાઠ્ય પુસ્તક મંડળમાં ફરજ બજાવતા વહીવટી અધિકારી ચંદુભાઈ સવજીભાઈ ગામેતી એ સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૪૨,૨૭,૬૨૦ લાખના પુસ્તકો ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અરવલ્લી જિલ્લાના ભિલોડાના ચોરીમાલા ગામના વતની અને ગાંધીનગર શહેરના સેકટર-૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડના એચઆઈજી મકાન નં.૧૨-૧૪૨ ખાતે રહેતા ચંદુભાઈ સવજીભાઈ ગામેતી સેકટર-૧૦ એ ખાતે આવેલી ગુજરાત રાજય પાઠ્ય પુસ્તક મંડળની કચેરી ખાતે વહીવટી અધિકારી તરીકે છેલ્લા સાત માસથી ફરજ બજાવું છું. પાઠ્ય પુસ્તકનું છાપકામ, જાળવણી, અને વિતરણ કરવાની મંડળની મુખ્ય જવાબદારી છે. જેમાં પુસ્તકોના વિતરણ અને વહીવટની કામગીરી મારે સંભાળવાની હોય છે.છાપકામ થઈ આવેલા પુસ્તકો ગુજરાત રાજય પાઠ્ય પુસ્તક મંડળના ગોડાઉન સેકટર-૨૫ ખાતે રાખવામાં આવે છે.

ફરીયાદીના જણાવ્યા મુજબ ગત તા.૯-૧૧-૧૯ ના રોજ સવારના સાડા દશ વાગ્યાના અરસામાં મંડળના ગોડાઉનના મેનેજર જગદીશ ખરાડીએ ફોન કરી મને જણાવ્યું હતું કે ગોડાઉનમાંથી રાત્રીના સમયે કેટલાક પુસ્તકો ગાયબ હોય તેવું જણાય છે. તેથી ફરીયાદી અને કચેરીના ઈન્ચાર્જ જાગીર વ્યવસ્થાપક અધિકારી એન.પી.ભાટી ગોડાઉન ખાતે ગયા હતા.જયા ગોડાઉનના મેનેજર તેમજ બીજા કર્મચારીઓ અને સિક્યુરીટીના જવાનો હાજર હતા. તેઓએ ગોડાઉન નંબર ૧૪ અને ૧૫ માંથી ધોરણ-૧૧ અને ૧૨ સાયન્સના પુસ્તકો ગાયબ હોવાનું કહેતા અમે તાત્કાલીક ગોડાઉન પાસે દોડી ગયા હતા. ત્યાં જઈને જોયું તો શટરની એક તરફ લોક હતું અને બીજી તરફ માત્ર અડધા ફુટ જેટલું શટર ઉચું થયું હતું. શટરની સામેની બાજુએ ગોડાઉનની કંમ્પાઉન્ડ વોલની પાસે કેટલાક પુસ્તકો પડ્યા હતા. જેથી સિક્યુરીટીના જવાનોને પુછતા તેઓએ જણાવ્યું હતું કે રાત્રીના બાર વાગે ફરજ પર હાજર થયા હતા. ત્યારે રાત્રીના સમયે બે વાર સિક્યુરીટી જવાનોએ ગોડાઉનની વિઝીટ કરી હતી અને તમામ ગોડાઉનના શટર ચેક પણ કર્યા હતા, જે દરરોજની જેમ જ હતા.પરંતુ અંધારુ વધુ હોવાથી

● અનુસંધાન પાન-૭ પર

## મોડીરાત્રે સ્ટોર મેનેજર સહિત ત્રણ સસ્પેન્ડ કરાયા

પાઠ્ય પુસ્તક મંડળના નિયામકશ્રીના જણાવ્યા મુજબ આજે મોડી રાત્રે સ્ટોર મેનેજરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જ્યારે ગોડાઉનના બે આઉટસોર્સીંગના બે કર્મચારીઓને તાત્કાલિક અસરથી છુટા કરવામાં આવે છે. સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન દ્વારા આજે એફ.આઈ.આર. પણ દાખલ કરવામાં આવી છે.

## પુસ્તક ચોરી સામે ઉઠતા સવાલો

- પાઠ્ય પુસ્તક મંડળના ગોડાઉનમાં જયાં કરોડા રૂપીયાના પુસ્તકો મુકવામાં આવે છે તે સ્થળે એક પણ સીસીટીવી કેમેરા જ નથી
- ગોડાઉનની અંદર લાઈટ માટે હેલોજન તો લગાવ્યા છે, પરંતુ એક પણ હેલોજન ની લાઈટ શરુ નથી, હેલોજન માત્ર શોભાના ગાંઠીયા સમાન પુરવાર થયા છે
- ગોડાઉન નં.૧૪ અને ૧૫ માં ધોરણ-૧૧ અને ૧૨ સાયન્સના પુસ્તકોનો જથ્થો તાજેતરમાં જ મુકવામાં આવ્યો હતો. કારણ કે તે જે ગોડાઉનમાં મુકવામાં આવ્યા હતા. તે ગોડાઉન તોડી દેવામાં આવ્યું છે.
- પાઠય પુસ્તક મંડળના ગોડાઉનમાં ઈન-આઉટનો માત્ર એક જ ગેટ છે, તેમજ ગેટ પર ચોવીસ કલાક ૬ ગાર્ડ જીઆઈએસએફના ફરજ બજાવે છે, એટલે કે આઠ કલાકની નોકરીમાં બે ગાર્ડ મુકવામાં આવ્યા છે.
- ૪૧,૬૦૯ પુસ્તરો ચોરી કરવા માટે ૪ થી ૫ ટ્રક અને મજદુરો કલાકો સુધી કામ કરે ત્યારે આ ચોરી શક્ય બની શકે છે.
- ૧૪ નંબરના ગોડાઉનના શટરની એક તરફ લોક મારેલુ હતું, તો બીજીતરફ માત્ર એક પાતળો વ્યકિત અંદર જઈ શકે તેટલી જગ્યા શટરની ઉંચી થાય છે.
- ગોડાઉનની સાત ફુટ જેટલી ઉંચી દિવાલ કુદીને પુસ્તકો બહાર જઈ શકે તેમ નથી
- રાત્રીના સમયે કોઈ વાહન કે કોઈ વ્યકિતની અવર-જવર થઈ હોય તેમ કોઈ વ્યકિતએ જોઈ નથી.
- અગાઉ પણ મંડળના ગોડાઉનમાંથી પુસ્તકો ચોરીના કિસ્સા સામે આવ્યા છે

# સાયન્સ અને ટેકનોલોજી વિભાગની બેદરકારી, ૧૧૦ કરોડનું અનુદાન વાપર્યુ નહીં

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગે સરકારનું અનુદાન સાયન્સ એન્ડ ટેકનોલોજી સાથે સંકળાયેલી સરકારી સંસ્થાઓને આપ્યાં પછી તે વપરાયું છે કે નહીં તે જોવાની બેદરકારી રાખવાના કારણે ૧૧૦ કરોડ રૂપિયાનું અનુદાન સંસ્થાઓમાં પડી રહેતાં સરકારને મોટું નુકશાન થયું છે.

ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)ના રિપોર્ટમાં આ નિષ્કાળજી સામે આવી છે. કેગના રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે આ વિભાગ હેઠળ આવતી સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓને ફાળવવામાં આવતી રકમનો ઉપયોગ થાય છે કે કેમ તેની દેખરેખ રાખવામાં સરકારનો આ વિભાગ નિષ્ફળ ગયો છે જેના કારણે અનુદાન મેળવતી સંસ્થાઓએ વણ વપરાયેલી રકમ વિભાગને પરત નહીં કરતાં સરકારનું ૧૦૯.૯૪ કરોડ રૂપિયાનું ભંડોળ અટવાઈ ગયું છે.

રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે સરકારી નાણાંનો આવો દુર્વ્યય ચલાવી લેવાય તેમ નથી, કેમ કે સાયન્સ એન્ડ ટેકનોલોજીએ સાયન્સ અને ટેકનોલોજીની વિવિધ સરકારી સંસ્થાઓને અનુદાન આપ્યાં પછી તેમની પાસેથી ખર્ચના કોઈ રિપોર્ટ મેળવ્યા નથી. આ અનુદાનની રકમ સંસ્થાઓમાં પડી રહી છે અને સરકારમાં પાછી પણ મોકલી નથી. શંકા છે કે આ રકમનો દુરપયોગ થયો છે. રાજયની જે સંસ્થાઓને અનુદાન આપવામાં આવ્યું હતું તેનો વર્ષના અંતે હિસાબ કરવાનો હોય છે પરંતુ વિભાગે તે કર્યો નથી. રાજ્યની છ વિજ્ઞાન સંસ્થાઓને છેલ્લા ચાર વર્ષમાં કુલ ૧૧૩૨.૦૬ કરોડ રૂપિયાનું અનુદાન આપવામાં આવ્યું હતું જે પૈકી આ સંસ્થાઓએ માત્ર ૯૫૦.૮૪ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

વિભાગે જે સંસ્થાઓને અનુદાન આપ્યું હતું તેમાં ગુજરાત સ્ટેટ બાયો ટેકનોલોજી મિશન, ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી, ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ, ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટ્યુટ ફોર સ્પેસ એપ્લિકેશન એન્ડ જિયો ઈન્ફોર્મેટીક્સ, ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી તેમજ ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમિટેડનો સમાવેશ થાય છે. સરકારની આ તમામ સંસ્થાઓએ ૧૦૯.૯૪ કરોડ રૂપિયા મૂકી રાખ્યા છે અને સરકારને પાછા પણ આપ્યાં નથી.

# ગુજરાતમાં ટેક્સની ચોરી, ૪૨૫૩૭ કરોડ રૂપિયાની વસૂલાત બાકી

**બાકી વેરામાં જીએસટી પહેલાના વેલ્યુ એડેડ ટેક્સ (વેટ)ની બાકી રકમ સૌથી વધુ એટલે કે ૪૦૨૨૧.૭૪ કરોડ રૂપિયા થવા જાય છે**

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતમાં કરવેરાની આવકમાં વધારો થતો જાય છે પરંતુ ટેક્સની ચોરીના કારણે સરકારના નાણા વિભાગને રાજયના વેપારીઓ અને ઉદ્યોગજૂથો પાસેથી ૪૨૫૩૭ કરોડ રૂપિયાની વસૂલાત કરવાની થાય છે. આ રકમમાં ૧૩૨૪૦ કરોડ રૂપિયા તો છેલ્લા પાંચ વર્ષથી વસૂલવાના બાકી છે.

રાજ્ય વિધાનસભામાં રજૂ થયેલા કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)ના અહેવાલમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે સરકારની કરની આવક ૭૧૫૪૯.૪૧ કરોડ છે અને બિનકરની આવક ૧૫૦૭૩.૯૭ કરોડ રૂપિયા છે જેની સામે માર્ચ ૨૦૧૮ના રોજ પાછલી બાકી રકમ ૪૨૫૩૯.૬૯ કરોડ રૂપિયા છે.

બાકી વેરામાં જીએસટી પહેલાના વેલ્યુ એડેડ ટેક્સ (વેટ)ની બાકી રકમ સૌથી વધુ એટલે કે ૪૦૨૨૧.૭૪ કરોડ રૂપિયા થવા જાય છે. આ રકમ પૈકી ૧૨૪૩૬.૨૬ કરોડની રકમ પાંચ વર્ષ કરતાં વધારે સમયથી બાકી છે. એવી જ રીતે ગુજરાતમાં સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીની ૮૦૯.૦૨ કરોડ, વીજળી પરના વેરા અને જકાત ૧૪૬.૭૬ કરોડ, વાહન પર કર અને માલસામાન તેમજ ઉતારૂ વેરાની ૨૨૮.૯૭ કરોડ રૂપિયા વસૂલવાના બાકી છે.

રાજ્યમાં તેલ અને પ્રાકૃતિક ગેસની આવકમાં ૧૧૩૩.૨૦ કરોડ રૂપિયા ઓછા છે, કેમ કે તે વસૂલ કરવામાં આવ્યા નથી. આ રકમ છેલ્લા કેટલા વર્ષથી બાકી છે તેવું જ્યારે કેગના અધિકારીઓ સરકારને પૂછ્યું ત્યારે સરકારે હજી સુધી તેનો કોઈ જવાબ આપ્યો નથી. આ તમામ બાકી વેરામાં ૧૩૨૪૦.૮૩ કરોડ રૂપિયા છેલ્લા પાંચ વર્ષ કે તેનાથી વધારે વર્ષોથી બાકી છે છતાં વસૂલી શકાયા નથી. કેગમાં નોંધવામાં આવ્યું છે કે રાજ્યમાં ૧૫૧૪૮.૪૪ કરોડ રૂપિયાની બાકી રકમના વેરાઓ અદાલતની કાર્યવાહીના કારણે અટવાઈ પડી છે.

# કુદરતી આફતમાં ખેતપાકોને નુકશાની બદલ ખેડુતોને ૨૮૭૬ લાખની સહાય

**ખેતપાકોની નુકશાનીના વળતર માટે બે વર્ષમાં ૪૮૩૩૫ ખેડુતોએ અરજી કરી**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર જિલ્લામાં કુદરતી આફતોને કારણે ખેતપાકોને પણ વિશેષ નુકશાન થયુ છે. જયારે આ ખેતપાકોની નુકશાની બદલ સરકારે ખેડુતોને વળતર પણ ચુકવ્યુ છે. ચાલુ વર્ષે પણ ચોમાસા દરમિયાન વધુ વરસાદના લીધે ખેતપાકોનો નુકશાન થયુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ખેતપાકોને થયેલા નુકશાન બદલ છેલ્લા બે વર્ષ દરમિયાન ૪૮૩૩૫ ખેડુતોએ અરજી કરી હતી જયારે આ પૈકી ૪૬૧૭૮ ખેડુતોને રૂ ૨૮૭૬.૭૭ લાખનુ વળતર ચુકવવામાં આવ્યુ છે.

વિધાનસભા ગૃહની તારાંકિત પ્રશ્નોત્તરીમાં કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે રજુ કરેલા પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ લેખિતમાં આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન ખેતપાકોની નુકશાની સંદર્ભે ૪૮૩૩૫ ખેડુતોએ અરજી કરી હતી. જયારે આ પૈકી ૪૬૧૭૮ ખેડુતોને ૨૮૭૬.૭૭ લાખ વળતર ચુકવાયુ છે. જેમાં માણસા તાલુકાના ૧૮૯૩૦ ખેડુતોને ૧૧૮૩.૧૩ લાખ વળતર ચુકવાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## આજે મહેસુલી કર્મચારીઓની ગાંધીનગરમાં મહારેલી યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

છેલ્લા ૩ દિવસથી હડતાલ પર ઉતરેલ રાજ્યના મહેસુલી કર્મચારીઓની આજે ગાંધીનગર ખાતે મહારેલીનું આયોજન કરાયું છે.

મહેસુલી કર્મચારી મહામંડળના પ્રમુખ વિરમભાઈ દેસાઈએ જણાવ્યુ છે કે સવારે ૧૦ વાગે રાજ્યભરના મહેસુલી કર્મયોગીઓ ઘ-૦ ખાતે એકત્રિત થશે. આ પછી ત્યાંથી રેલીનો પ્રારંભ થશે અને સે. ૬ સ્થિત સત્યાગ્રહ છાવણી આવશે.

સત્યાગ્રહ છાવણી ખાતે રેલી સભાના રૂપમાં ફેરવાશે. દરમ્યાન મહામંડળ દ્વારા રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીને આવેદનપત્ર આપશે અને ત્યાંથી આવી આ સભાને સંબોધશે. મહેસુલી કર્મયોગીઓની હડતાલને કારણે તંત્ર પર વિપરીત અસરો પડવા પામી છે. કેટલાક જિલ્લાઓમાં રેવન્યુ તલાટીઓને ચાર્જ આપી કામ લેવામાં આવી રહ્યુ છે પણ ગ્રામીણ સ્તરે કામગીરી કથળી છે.

છેલ્લા ૩ દિવસથી ચાલી રહેલી હડતાલને કારણે મહેસુલી કામગીરી પણ લગભગ ઠપ્પ થઈ જવા પામી છે.

# મમતા દિવસની ઉજવણીમાં નિષ્કાળજી માટે ૨૦ કર્મચારીઓના ખુલાસા મંગાયા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં મમતા દિવસની ઉજવણીમાં નિષ્કાળજી દાખવવા બદલ આરોગ્યતંત્રએ ૨૦થી વધુ કર્મચારીઓને નોટીસ આપી તેમનો ખુલાસો માંગતા તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

મેડીકલ ઓફિસર સહિતના કર્મચારીઓને આ નોટીસો આપવામાં આવી છે અને બે દિવસમાં ખુલાસો કરવાનો સમય આપવામાં આવ્યો છે. આ સમયમર્યાદામાં ખુલાસો રજુ નહિ કરનાર અધિકારી કર્મચારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

મમતા દિવસની ઉજવણીમાં આરોગ્યતંત્રની ઉદાસીનતા અંગે મળેલ ફરિયાદો પછી જિલ્લાકક્ષાની એક સુપરવાઈઝરી ટીમ બનાવી અને તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં આ ફરિયાદોમાં તથ્ય હોવાનું બહાર આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ હતુ.

જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે પણ આ બાબતને ગંભીરતાથી લીધી હતી અને તેમણે જવાબદાર સૌને નોટીસ આપવાની સૂચનાઓ આપી હતી તેથી તંત્ર હરકતમાં આવ્યુ હતુ.

કેટલીક જગ્યાએ વેક્સીનનો જથ્થો અને તબીબી અધિકારીઓ પહોંચ્યા ન હોવાનું પણ ધ્યાને આવ્યુ હતુ. ૬ જેટલા મેડીકલ ઓફિસર સહિત ૨૦ કર્મચારીઓને આ અંગે નોટીસ ફટકારવામાં આવી છે.

મમતા દિવસની ઉજવણીમાં સગર્ભા માતાઓને વેક્સીન આપવા ઉપરાંત મેડીકલ તપાસ અને અન્ય પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય છે. મેડીકલ ઓફિસરોને આ કામગીરીમાં કેમ વિલંબ થયો છે તે અંગેના કારણો સાથે તાલુકા આરોગ્ય અધિકારીના અભિપ્રાય સાથે ખુલાસો રજુ કરવા જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

# ખેડુતોને વિવિધ પાકોને અનુલક્ષી વીમા સામે ૬ લાખના દાવાની ચુકવણી

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૭ દરમિયાન ખેડુતોને પાકવીમા સામે ૬ લાખના દાવાની ચુકવણી થઈ છે. જયારે સરકારે પણ ખેડુતો જેટલુ કે તેનાથી વધુ પ્રિમિયમ પણ ચુકવ્યુ છે. ચારેય તાલુકામાં કપાસ, ડાંગર, દિવેલા, મગફળી અને મગ સહીતના વિવિધ પાકોને અનુલક્ષી અલગ અલગ પ્રિમિયમ ચુકવ્યુ હતુ.

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૭ માં ખેડુતોને પાકવીમા સામે ૬ લાખનો દાવો ચુકવાયો છે. ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૭-૧૮માં સરકાર અને ખેડુતો દ્વારા પાકવીમા સંદર્ભે કેટલુ પ્રિમિયમ ભરવામાં આવ્યુ માણસાના ધારાસભ્ય સુરેશ પટેલે રજુ કરેલા પ્રશ્નના જવાબમાં કૃષિ મંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૭-૧૮માં

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં બે વર્ષ દરમિયાન ૨૨૪૫૨ને રોજગારી ૪૩૯ને સરકારી નોકરી

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર જિલ્લામાં આ પૈકી છેલ્લા બે વર્ષમાં રોજગાર કચેરી મારફતે ૨૨૪૫૨ને રોજગારી પુરી પાડવામાં આવી છે. જયારે આ પૈકી ૪૩૯ ને સરકારી નોકરી પુરી પાડવામાં આવી છે. જિલ્લામાં ગત ૩૧ ઓકટોબરની સ્થિતિએ નોંધાયેલા ઉમેદવારો પૈકી ૯૪૬૭ ઉમેદવારોને રોજગારી પુરી પાડવાની બાકી છે. ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ દરમિયાન કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોને રોજગારી પુરી પાડવામાં આવી ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાએ આ અંગે રજુ કરેલા પ્રશ્નના જવાબમાં રોજગાર મંત્રીના જણાંવ્યા મુજબ જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન ૨૨૪૫૨ બેરોજગારોને રોજગારી પુરી પાડવામાં આવી છે. જયારે આ પૈકી વર્ષ ૨૦૧૭-૧૮ માં ૧૦૨૫૯ શિક્ષિત અને ૩૮૧ અર્ધશિક્ષિત જયારે વર્ષ ૨૦૧૮-૧૯ માં ૧૧૭૨૬ શિક્ષિત અને ૮૬ અર્ધશિક્ષિતને નોકરી આપવામાં આવી છે. જયારે ૩૧ ઓકટોબર વર્ષ ૨૦૧૯ ની અંતિમ સ્થિતિએ ૯૪૬૭ ઉમેદવારો બેરોજગાર નોંધાયા છે.જેને નોકરી આપવાની બાકી છે. જયારે બે વર્ષ દરમિયાન નોંધાયેલા ઉમેદવારો પૈકી ૪૩૯ને સરકારી તેમજ ૨૨૦૧૩ ઉમેદવારોને ખાનગી રોજગારી પુરી પાડવામાં આવી છે.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
(શેરથાવાળા)
N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com